GJCU070031832024

| | | | |
|---|---|---|---|
| **પ્રાપ્તી તારીખ** | ૨૪/૧૦/૨૦૨૪ | | |
| **નોંધ્યા તારીખ** | ૨૪/૧૦/૨૦૨૪ | | |
| **ફેસલ તારીખ** | ૦૮/૦૯/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | **૦૧** | **૧૦** | **૧૫** |

**ફોજદારી કેસ નં.૧૯૧૯/૨૦૨૪**
**આંક :-**

====================================================

# મે.એડી.ચીફ.જયુ.મેજીસ્ટ્રેટશ્રી યુ.ડી.જાંબુની કોર્ટમાં, બોડેલી

====================================================

શ્રી સરકાર ......**ફરિયાદી**

**વિ....રુ....દ્ધ**

મનહરભાઈ વિઠ્ઠલભાઈ રાઠવા, ઉ.વ. ૪૦, ધંધો. ખેતી,
રહે. મુલધર, બારીયા ફળીયુ,
તા. બોડેલી, જી. છોટાઉદેપુર **....આરોપી**

====================================================

**ગુન્હો :- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ**

====================================================

**રજુઆત**

**ફરિયાદી તર્ફે વિદ્વાન એપીપી શ્રી બી. એ. વસાવા**

**આરોપી નં.૧ તથા ૨ તર્ફે વિદ્વાન વકીલ શ્રી એ.એલ.બારીયા**

====================================================

# -::: ચુકાદો :::-

==================================================

૧. **<u>ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,</u>**

તા.૨૨/૦૭/૨૦૨૩ ના રોજ મોજે મુલધર ગામે બારીયા ફળીયામાં બપોરના આશરે બે વાગ્યાના અરસામાં આ કામના ફરિયાદી તેમની બાજુમાં રહેતા આ કામના આરોપી મનહરભાઈ વિઠ્ઠલભાઈના ઘરે બેસવા માટે ગયેલ અને ત્યાં તેઓ અન્ય સાહેદો સાથે બેસીને વાતો કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપીએ ત્યાં આવીને ફરીયાદીને તારી દાનત ખરાબ છે તેમ કહી ફરિયાદીના જમણા કાનની નીચેના ભાગે જાડુ લાકડુ મારી ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરેલ હોય ફરિયાદીએ તે અંગે બોડેલી પોલીસ સ્ટેશનમાં વિગતવાર ફરિયાદ આપેલ છે.

૨. સદર ફરિયાદ સંદર્ભે ગુન્હો નોંધાતાં તપાસ કરનારે ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ, આરોપીની શરીર સ્થિતિ તેમજ ગુનામાં વાપરેલ લાકડુ કબજે કર્યાનું પંચનામુ કરેલ તેમજ ફરિયાદીના સારવારના કાગળો મેળવેલ અને લાગતા-વળગતા સાહેદોના નિવેદનો નોંધેલ અને જરૂરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા હોય ચાર્જશીટ અદાલતમાં ફાઈલ કરવામાં આવેલ છે.

૩. ત્યારબાદ સદર કામે અદાલત દ્વારા આરોપી વિરુધ્ધ સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ-૨૦૭ મુજબ પુરી પાડવામા આવેલ અને આરોપીઓ વિરુધ્ધ **આંક-૦૪ થી તહોમતનામુ** ફરમાવી, વાંચી સંભળાવી તેઓનું **આંક-૦૫ થી નિવેદન** રેકર્ડ કરેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરી કેસ ચલાવવાની માંગણી કરતાં આ કામ ફરિયાદપક્ષનાં પુરાવા રજુ કરવા માટે રાખવામાં આવેલ હતુ.

૪. ફરિયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપીત તહોમત મુજબનો કેસ પુરવાર કરવા નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

## મૌખિક પુરાવાઓ

| અ.નં. | સાહેદનું નામ | સાહેદની વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | અમૃતભાઈ રામસીંગભાઈ રાઠવા | ફરીયાદી/ઈજા પામનાર | ૧૬ |

## દસ્તાવેજી પુરાવાઓ

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત. | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૭ |
| ૨ | ગુનાવાળી જગ્યાનુ પંચનામુ | ૧૮ |
| ૩ | આરોપીની શરીર સ્થિતિ તેમજ ગુનામાં વાપરેલ લાકડુ કબજે કર્યાનું પંચનામુ | ૧૯ |
| ૪ | ફરિયાદીના સારવાર સર્ટીફીકેટ | ૨૦, ૨૧ |

ત્યારબાદ, ફરિયાદપક્ષે મુળ ફરિયાદીએ વિ.એ.પી.પી.શ્રી મારફતે **આંક-૨૨** થી કલોઝીંગ પુરસીસ રજુ રાખેલ છે. જે રજુઆત ધ્યાને લઈ ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. સદર કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ સાથે વાંચતા કલમ-૨૮૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે **વિ.એ.પી.પી.શ્રી બી. એ. વસાવા**ની તથા આરોપી તર્ફે **વિ.વ.શ્રી એ.પી. બારીયા**નાઓની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

**૫.** હાલનાં કામની ફરિયાદ તથા રેકર્ડ ઉપર આવેલા તમામ પુરાવાઓ વંચાણે લેતા તેમજ ઉભયપક્ષની દલીલો ધ્યાને રાખતા હાલના કેસનાં નિર્ણયાર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

## ::: મુદ્દા :::

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર એવુ સાબીત કરી શકેલ છે કે, તા.૨૨/૦૭/૨૦૨૩ ના રોજ મોજે મુલધર ગામે બારીયા ફળીયામાં બપોરના આશરે બે વાગ્યાના અરસામાં આ કામના ફરિયાદી તેમની બાજુમાં રહેતા આ કામના આરોપી મનહરભાઈ વિઠ્ઠલભાઈના ઘરે બેસવા માટે ગયેલ અને ત્યાં તેઓ અન્ય સાહેદો સાથે બેસીને વાતો કરતા હતા તે દરમ્યાન આ કામના આરોપીએ ત્યાં આવીને ફરીયાદીને તારી દાનત ખરાબ છે તેમ કહી ફરિયાદીના જમણા કાનની નીચેના ભાગે જાડુ લાકડુ મારી ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપી ભારતીય દંડ સંહીતાની કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ માટેનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો ને આધારે નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## ::: કા ર ણો :::

**મુદ્દા નં.૧**:-

૭. અત્રે ઉલ્લેખનીય છે કે, ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેના આક્ષેપ મુજબનું તહોમત પુરવાર ન થાય ત્યાં સુધી આરોપી એ ગુન્હો કરેલ નથી તેવું માની આરોપી નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરૂધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે. આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપીત કલમો ના મહત્વના તત્વો ધ્યાને રાખતા ફરિયાદપક્ષે એ હકીકત નિ: શંકપણે પુરવાર કરવી જોઈએ કે, આ કામનાં આરોપીએ ઈજા પામનાર ફરિયાદીના કોઈપણ ગંભીર

અને ઓચીંતા ઉશ્કેરાટ વિના તેઓને ગાળો આપી તેમજ લાકડા વડે કાનના નીચેના ભાગે સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડી તથા ફરિયાદી સુલેહનો ભંગ કરે તે રીતે ઈરાદા પૂર્વક અપમાન કરેલ છે અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ છે.

**હાલનાં કામે ફરિયાદપક્ષે રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં,**

**૭.૧–** ફરિયાદપક્ષે આ કામના મુળ **ફરિયાદી–ઈજા પામનાર–અમૃતભાઈ રામસીંગ ભાઈ રાઠવા** ને **આંક–૧૬** થી સોગંધ ઉપર તપાસેલા છે. ફરિયાદીએ જુબાની દરમ્યાન મુખ્યત્વે જણાવેલ છે કે, બનાવમાં વાતોવાતોમા બોલાચાલી અને સામાન્ય તકરાર થયેલી આ સમયે ઘણા બધા માણસો ભેગા થતા તેઓને ધકકા મુકકી દરમ્યાન પડી જવાથી કાનની નીચેના ભાગે ઈજા થયેલી જે અંગે તેઓએ સારવાર કરાવેલી અને આવેશમા આવી તેઓએ ફરીયાદ આપેલી. ફરીયાદીએ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવી **ફરિયાદ આંક–૧૭** થી પુરાવામાં રજુ રાખેલ છે. ફરિયાદી ફરિયાદની મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય તેમને વિ. એ.પી.પી.શ્રી ની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો વિ.એ.પી.પી.શ્રીએ પુછેલ તેમ છતાં તેઓએ ફરિયાદ પક્ષને સમર્થન કરેલ નથી.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ સ્વીકારેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય બીજુ કંઈ બનેલુ નથી, બનાવમા આરોપીએ તેઓને કોઈ હથીયાર વડે ઈજા કરેલી નથી કે, ગાળો બોલેલી નથી કે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલી નથી, તેઓને ધકકા મુકકી થી પડી જવાથી ઈજા થયેલી.

૮. વધુમાં, આ કામે ફરિયાદપક્ષે બચાવપક્ષની સંમતીથી **આંક–૧૮** થી ગુનાવાળી જગ્યા અંગેનું પંચનામુ, **આંક–૧૯** થી આરોપીની શરીર સ્થિતિ તેમજ ગુનામાં વાપરેલ લાકડુ કબજે કર્યાનું પંચનામુ, **આંક–૨૦, ૨૧** થી ફરીયાદી ના સારવાર સર્ટીફીકેટ પુરાવામાં રજુ રાખેલ છે.

આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો **<u>સતીષ મેહરા વિરુધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬(૩) ૮૫,</u>** નો ચુકાદો ધ્યાને લેવામાં આવેતો આ ચુકાદા મુજબ જયારે મહત્વનાં સાહેદોએ ફરિયાદપક્ષનાં કેસ ને સમર્થન આપેલ ના હોય ત્યારે બાકીના સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરૂરી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નીરીક્ષણ કરેલ છે કે :-

" When judge is certain that there is no prospect of case ending in conviction valuable time of court should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date."

આમ, ના.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાને માનભેર વંચાણે લઈ હાલના કામે બનાવમાં મહત્વનાં ફરિયાદી/ ઈજા પામનારે ફરિયાદની હકીકતોને લેશ માત્ર સમર્થન કરેલ ન હોય તેવા સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવામાં આવેલ નથી.

આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા આ કામે રજૂ કરવામાં આવેલ નથી.

## <u>::: પુરાવાનું મુલ્યાંકન :::</u>

૯. આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામે તપાસેલ મહત્વના ફરિયાદીનો સોગંધ ઉપરનો પુરાવો જોતા તેઓએ ફરિયાદની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી અને બનાવમાં આરોપી સાથે સામાન્ય બોલાચાલી થયેલાની હકિકત જણાવે છે, અને પડી જવાથી તેઓને ઈજા થયેલા ની હકીકત જણાવેલ છે, બનાવમાં આરોપીએ ફરીયાદીને ગાળો બોલી, લાકડાથી માર મારી સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડેલ હોય કે, જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ હોય તેવી કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

આમ, હાલના કામે બચાવપક્ષની સંમતિથી રજુ થયેલ પંચનામાઓ તથા ઈજા પામનારના સારવારના પ્રમાણપત્રો ફરિયાદ પક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આ સંજોગોમાં આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની આક્ષેપીત કલમો

મુજબનો ગુનો પુરવાર માની શકાય તેમ નથી.

૧૦. આમ, ફરિયાદપક્ષે રજુ પુરાવાઓની તેમજ દલીલોની ઉપરોકત તમામ ચર્ચા લક્ષમાં રાખતાં ફરિયાદપક્ષ આ કામનાં આરોપી વિરુધ્ધનાં આક્ષેપીત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય **મુદ્દા નં.૧** નો જવાબ ''**નકાર**'' માં આપવામાં આવે છે. તથા **મુદ્દા નં.૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::: હુ ક મ :::**

૧. આ કામના તહોમતદાર–મનહરભાઈ વિઠૃલભાઈ રાઠવા, રહે.મુલધર, બારીયા ફળીયુ, તા.બોડેલી, જી.છોટાઉદેપુરનાઓને ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૪૮(૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી ''**નિર્દોષ**'' ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે જપ્ત કરવામા આવેલ મુદ્દામાલ હથીયાર લાકડીનો અપીલ સમય વિત્યે નિયમાનુસારનો નાસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામના તહોમતદારે અગાઉ રજુ કરેલ જામીન તથા જાતમુચરકા ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) ની જોગવાઈ મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

**તા.૦૮/૦૯/૨૦૨૬**
**સ્થળ : બોડેલી**

**( ઉત્પલકુમાર ડી. જાંબુ )**
**એડી.ચીફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ**
**બોડેલી**
**JUDGE CODE GJ01463**

// AGB //